# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

---

### એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની જરૂરી સૂચનાઓ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલય જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

૧. કોલેજ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.

૨. પ્રથમ સેમેસ્ટરમાં પ્રથમ વાર દાખલ થનાર વિધાર્થીઓએ એનરોલમેન્ટ /રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

- Enrollment (After $12^{th}$)
- Registration (After Graduate)

૩. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ કૉલેજો માટે એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મ ફી રૂ. ૨૦૦/- નિયત કરવામાં આવેલ છે. દરેક વિદ્યાશાખાના અલગ-અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે તે મુજબ વિદ્યાર્થીઓ પાસે ભરાવવાના રહેશે.

૪. વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મમાં વિગતો ભરાવ્યા બાદ કૉલેજે વિગતો ચેક કરવી.

૫. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સાથે એચ.એસ.સી./લાયક પરીક્ષાના ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે મોકલવાની રહેશે.

એનરોલમેન્ટની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી ગુજરાત બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર માં સમાવિષ્ઠ કોલેજોના વર્ષ-૨૦૧૬ માં પાસ થયેલ વિદ્યાર્થીઓ, તે અગાઉના વર્ષોમાં પાસ થયેલ વિદ્યાર્થીઓ અને અન્ય બોર્ડ / શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો અને અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનવવાની રહેશે તેમજ તે પ્રમાણે ૫૦ ના બંડલમાં જમા કરાવવાના રહેશે.

૬. વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

૭. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. <u>વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.</u>

૮. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવી લેવું P.A.E.C./F.A.E.C. નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

૯. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની કુલ ફી નો ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ, કુલસચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો કઢાવીને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન અંગેનું માહિતી પત્રક જમા કરાવતી વખતે મોકલી આપવાનો રહેશે.

૧૦. <u>એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :</u>

ક. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીએ કાળા કે ભૂરા રંગની બોલપેનનો જ ઉપયોગ કરવો, શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહિ.

ખ. <u>વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે કાપીને ચોટાડવો,</u> તે જ ફોટો વિદ્યાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિદ્યાર્થીને કરવી ફોટોગ્રાફ ચોટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો, ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહિ.

ગ. વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફોર્મના દરેક ખાનામાં CAPITAL LETTER થી જ લખવા સુચના આપવી.

ઘ. વિદ્યાર્થીઓને મોબાઈલ નંબર ખાસ ધ્યાન રાખીને લખવા સુચના આપવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે ) કારણકે તે મોબાઈલ નંબરમાં વિદ્યાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

૧૧. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિ, ફોર્મ પ્લાસ્ટીક કવરમાં તેમજ બે જાડા પૂઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

૧૨. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી અને તેના પર ફોર્મ પરનો નંબર લખવો જેથી કોઈ ક્ષતિ હોય તો સુધારવામાં સરળતા રહે.

૧૩. આપની કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો) ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

૧૪. ઈન્ટેક કેપેસીટી હોઈ તેટલા જ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

૧૫. કોલેજે વિદ્યાર્થીઓના નામ તથા ફોટાવાળું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિદ્યાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

૧૬. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કોલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) મેળવવું ફરજીયાત છે. જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

૧૭. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિદ્યાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

૧૮. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ નીચે અભ્યાસક્રમ પ્રમાણે નીચે દર્શાવ્યા મુજબની ડેવલોપમેન્ટ ફી એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સાથે જ જમા કરવવાની થાય છે. આથી એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોરવડીંગ પત્ર અને તે રકમનો અલગથી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ, કુલસચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો કઢાવીને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવ્યા બાદ જ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.

| ક્રમ | અભ્યાસક્રમ | ડેવલોપમેન્ટ ફી |
|---|---|---|
| ૧ | બી. એ. | રૂ. ૫૦૦/- (પ્રતિ વિદ્યાર્થી) |
| ૨ | બી કોમ. | રૂ. ૭૫૦/- (પ્રતિ વિદ્યાર્થી) |
| ૩ | બી. એસસી. | રૂ. ૨૦૦૦/- (પ્રતિ વિદ્યાર્થી) |

ખાસ સુચના :

એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન વિભાગનો ઈ-મેઈલ : enrollment@sggu.ac.in

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

૧. આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાન તથા જરૂરી કાર્યવાહી સારૂ.